**અગ્રતા ક્રમ :** **૧૬**

વિભાગ: **ઉદ્યોગ અને ખાણ વિભાગ** /

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : **૧૫/૪/૫૪૮**

વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની **તારીખ ૦૭/૦૨/૨૦૨૪**

પંદરમી ગુજરાત વિધાનસભાનું ચોથું સત્ર

પ્રશ્નનું શીર્ષક : **દહેજ જીઆઈડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા બાબત.**

પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: **શ્રી અરુણસિંહ અજીતસિંહ રણા**
મત વિસ્તાર **:** **વાગરા**

**અગ્રતા ક્રમ:– ૧૬**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:–૧૫/૪/૫૪૮,**

**દહેજ જીઆઈડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા બાબત.**

| ક્રમ | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભા પ્રશ્ન | |
| | વિધાનસભાને મોકલી આપેલ જવાબ | **પેટા પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ** |
| | હાર્ડ | |
| | પુરક માહિતી | |
| પેટા પ્રશ્ન–૧ | દહેજ ઔદ્યોગિક વસાહત ની સ્થાપના ક્યારે કરવામાં આવી ? | **શ્રી અરૂણસિંહ રણા** |
| પેટા પ્રશ્ન–૨ | નિગમ દ્વારા દહેજ ઔદ્યોગિક વસાહત ખાતે ફાયર સ્ટેશન માટે કેટલા વિસ્તારના પ્લોટની ફાળવણી કરવામાં આવેલ છે? | **શ્રી અરૂણસિંહ રણા** |
| પેટા પ્રશ્ન–૩ | દહેજ ઔદ્યોગિક વસાહતમાં કયા પ્રકારની પ્રાથમિક સુવિધાઓ તથા આનુસંગિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલી છે ? | **શ્રી ડી.કે.સ્વામી જંબુસર** |
| પેટા પ્રશ્ન–૪ | દહેજ ઔદ્યોગિક વસાહતમાં ઔદ્યોગિક વપરાશ માટે પાણીની શું વ્યવસ્થા કરવામાં આવેલ છે તથા તેના સ્ત્રોતની વિગતો જણાવવા વિનંતી. | **શ્રી ડી.કે.સ્વામી જંબુસર** |
| પેટા પ્રશ્ન–૫ | નિગમની કેટલી ઔદ્યોગિક વસાહતોમાં ફાયર સ્ટેશનની સુવિધાઓ ઉપલબ્ધ છે? | **શ્રી રીતેશ વસાવા ઝઘડીયા** |
| પેટા પ્રશ્ન–૬ | દહેજ ઔદ્યોગિક વસાહત ખાતે હાલમાં કેટલા અગ્નિશામક વાહન ઉપલબ્ધ છે? અને કેટલો સ્ટાફ ફરજ બજાવે છે? | **શ્રી રીતેશ વસાવા ઝઘડીયા** |
| પેટા પ્રશ્ન–૭ | દહેજ ઔદ્યોગિક વસાહત ખાતે તાત્કાલીક સારવાર મળે તે માટે કોઈ સુવિધા ઉપલબ્ધ છે? | |
| પેટા પ્રશ્ન–૮ | દહેજ ઔદ્યોગિક વસાહતમાં કયા કયા પ્રકારના ઉદ્યોગો આવેલા છે? | |
| પેટા પ્રશ્ન–૯ | દહેજ ઔદ્યોગિક વસાહતમાં ઘન કચરાના નિકાલ માટે શું સુવિધા ઉપલબ્ધ છે? | |

# વિધાનસભાએ વિભાગને પુછેલ પ્રશ્ન

તારાંકિત પ્રશ્ન    ક્રમાંકઃ પ્ર/    ૨

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/548

વિષયઃ

દહેજ જીઆઇડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા બાબત

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 09/01/2024 | 01/02/2024 | 16/01/2024 |

*15/4/548    શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા)

ઉદ્યોગ જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ દહેજ જીઆઈડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જી.આઈ.ડી.સી.માં ફાયર સ્ટેશન બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

મુખ્ય પેજ પર જાઓ

## વિધાનસભાને મોકલી આપેલ જવાબ

### દહેજ જીઆઇડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા બાબત

3

*** 15/4/548 શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા** (વાગરા) **: માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ દહેજ જીઆઇડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, | (૧) રૂ. ૫/- કરોડ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જી.આઇ.ડી.સી.માં ફાયર સ્ટેશન બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૨) દહેજ જીઆઇડીસીમાં ફાયર સ્ટેશન બનાવવાની કામગીરી દહેજ ઔદ્યોગિક વસાહત મંડળ દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે. જે હાલમાં પ્રગતિ હેઠળ છે. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) ડિસેમ્બર–૨૦૨૪. |

---

**<u>ગૃહમાં જવાબ આપવાની તા.૦૭–૦૨–૨૦૨૪</u>**

ક્રમાંક: વસપ–૧૦૨૦૨૪–તા.પ્ર.૩–ગ
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
બ્લોક નંબર–૫, ૩ જો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 31 JAN 2024

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર તરફ તેઓશ્રીના તા.૧૬/૦૧/૨૦૨૪ ના પત્ર અન્વયે વધારાની ત્રણ નકલો સહિત.

(બી.એસ.મહેતા)
સંયુક્ત સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

નકલ રવાના:–

– સેકશન અધિકારી, જ–શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
– સિલેકટ ફાઇલ.



મુખ્ય પેજ પર જાઓ

હાર્દ

- રાજ્યના વિવિધ વિસ્તારોના ઔદ્યોગિક વસાહતની સ્થાપના દ્વારા સમતોલ અને ઝડપી આર્થિક વિકાસ સાધવાના ઉદ્દેશ સાથે રાજય સરકાર દ્વારા ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ ૧૯૬૨ હેઠળ નિગમની સ્થાપના કરવામાં આવેલ છે.
- નવા ઉદ્યોગો આવે અને હયાત ઉદ્યોગોનો વિકાસ થાય તેમાટે નિગમ દ્વારા રાજ્યમાં જુદા જુદા સ્થળોએ વસાહતોની સ્થાપના કરેલ છે.
- નિગમ દ્વારા ભરુચ જીલ્લામાં વાગરા તાલુકામાં દહેજ વિસ્તારમાં માં તબક્કાવાર નીચે મુજબની ઔદ્યોગિક વસાહતોની સ્થાપના કરવામાં આવેલ છે.

| ક. નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | વસાહતનું નામ | વિસ્તાર (હેકટર) |
|---|---|---|---|---|
| ૧ | ભરુચ | વાગરા | દહેજ–૧ | ૫૩૮૨ |
| ૨ | ભરુચ | વાગરા | દહેજ–૨ | ૩૯૫૭ |
| ૩ | ભરુચ | વાગરા | દહેજ–૩ | ૧૫૯૮ |

- નિગમ દ્વારા દહેજ–૧, ૨ અને ૩ ખાતે આવેલ ઉદ્યોગોને ઇજનેરી, પ્લાસ્ટિક, કેમિકલ્સ, પેટ્રો–કેમિકલ્સ વગેરે માટે પ્લોટોની ફાળવણી કરવામાં આવેલ છે. તેમજ આ ઉદ્યોગો માટે રસ્તા, વરસાદી પાણીની ગટર, સ્ટ્રીટ લાઇટ, અને પાણી જેવી પ્રાથમિક સુવિધાઓંનું આયોજન કરવામાં આવેલ છે, આ ઉપરાંત અન્ય આનુસાંગીક સુવિધાઓ જેવી કે, સીઇટીપી, ટીએસડીએફ, ફાયર સ્ટેશન, પોલીસ સ્ટેશન, હોસ્પિટલ વગેરે માટે પ્લોટોનું આયોજન કરી પ્લોટોની ફાળવણી કરવામાં આવેલ છે.
- સદર વસાહત મુખ્યત્વે કેમિકલ પ્રકારની હોય જેથી દુર્ઘટના સમયે ઉદ્યોગને મદદ થઈ શકે તે માટે ગુજરાત પીસીપીઆઇઆર વેલ્ફેર સોસાયટી દ્વારા આશરે ૫૦ બેડની હોસ્પિટલનું આયોજન કરવામાં આવેલ છે. તથા આગ લાગવાના કિસ્સામાં ફાયર સ્ટેશન માટે આશરે ૧,૦૦૦ ચોરસ મીટર વિસ્તારના પ્લોટની ફાળવણી તા.૨૩/૦૬/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ છે, તથા મીની ઇમર્જન્સી રીસ્પોન્સ સેન્ટર માટે આશરે ૧૦,૦૦૦ ચોરસ મીટર વિસ્તારના પ્લોટની ૫૦ ટકા રાહતદારે ફાળવણી તા.૨૮/૦૩/૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ છે. તેમાં બાંધકામની પ્રક્રિયા દહેજ વસાહત મંડળ દ્વારા કરવામાં આવી રહેલ છે.

મુખ્ય પેજ પર જાઓ

## // પૂરક નોંધ //

- રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઔદ્યોગીક વિકાસ અધિનિયમ–૧૯૬૨ હેઠળ નિગમની સ્થાપના કરવામાં આવેલ છે. નવા ઉદ્યોગો આવે અને હયાત ઉદ્યોગોનો વિકાસ થાય તે માટે નિગમ દ્વારા રાજ્યના જુદા જુદા સ્થળોએ ઔદ્યોગિક વસાહતોની સ્થાપના કરેલ છે.

- જે પૈકી દહેજ ઔદ્યોગીક વસાહતમાં નિગમ દ્વારા પાયાની જરૂરીયાતો જેવી કે રોડ, વરસાદી પાણીની ગટર, પાણી પુરવઠા યોજના તેમજ કેમીકલ ઉદ્યોગો માટે સી.ઈ.ટી.પી. અને તેને સંલગ્ન ગટર યોજના વગેરે જેવી આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવેલ છે.

- દહેજ ઔદ્યોગીક વસાહત ખાતે હાલ હયાત એક ફાયર સ્ટેશન કાર્યરત છે, જેમાં ૩ ફાયર વાહન મુકવાની સુવિધા છે. વધતા જતાં દહેજ ઔદ્યોગીક વસાહતના વિકાસને ધ્યાને લઈ નવું ફાયર સ્ટેશન બનાવવા માટેનું આયોજન કરવામાં આવેલ. જે દહેજ ઔદ્યોગીક વસાહત મંડળ દ્વારા નવું ફાયર સ્ટેશન બનાવવાની કામગીરી ચાલુ કરેલ છે. જેનું બાંધકામ ડીસેમ્બર–૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

મુખ્ય પેજ પર જાઓ

| |
|---|
| **અગ્રતા ક્રમ:– ૧૬**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:–૧૫/૪/૫૪૮,**<br>**દહેજ જીઆઈડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા બાબત.** |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી અરૂણસિંહ રણા** |
| |

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન : ૧** | દહેજ ઔધોગિક વસાહતની સ્થાપના ક્યારે કરવામાં આવી ? |
| **જવાબ** | દહેજ–૧ ઔદ્યોગિક વસાહતની સ્થાપના વર્ષ–૧૯૯૨ માં કરવામાં આવેલ છે.<br>દહેજ–૨ ઔદ્યોગિક વસાહતની સ્થાપના વર્ષ–૨૦૧૦ માં કરવામાં આવેલ છે.<br>દહેજ–૩ ઔદ્યોગિક વસાહતની સ્થાપના વર્ષ–૨૦૧૨ માં કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ:- ૧૬<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-૧૫/૪/૫૪૮,<br>દહેજ જીઆઈડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા બાબત. | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી અરૂણસિંહ રણા** | |
| | |
| **પેટા પ્રશ્ન : ૨** | નિગમ દ્વારા દહેજ ઔધોગિક વસાહત ખાતે ફાયર સ્ટેશન માટે કેટલા વિસ્તારના પ્લોટની ફાળવણી કરવામાં આવેલ છે? |
| **જવાબ** | નિગમ દ્વારા દહેજ ઔધોગિક વસાહતમાં પ્લોટ નં. ૭૧૫/૧, ૧,૦૦૦ ચો.મી. માં ફાયર સ્ટેશન બનાવવા માટે દહેજ વસાહત મંડળને ફાળવવામાં આવેલ જેમાં હાલમાં ફાયર સ્ટેશન કાર્યરત છે. જ્યારે પ્લોટ નં. ૭૧૫/૩, ૧૦,૦૦૦ ચો.મી. માં દહેજ વસાહત મંડળ દ્વારા હાલમાં મીની ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટર (ફાયર સ્ટેશન) ફાયર સ્ટેશન બનાવવાની કામગીરી કરવામાં આવી રહેલ છે જે હાલમાં પ્રગતિ હેઠળ છે. |

મુખ્ય પેજ પર જાઓ

| **અગ્રતા ક્રમ:– ૧૬**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:–૧૫/૪/૫૪૮,**<br>**દહેજ જીઆઈડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા બાબત.** | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ડી.કે.સ્વામી જંબુસર** | |
| | |
| **પેટા પ્રશ્ન : ૩** | દહેજ ઔધોગિક વસાહતમાં કયા પ્રકારની પ્રાથમિક સુવિધાઓ તથા આનુસંગિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલી છે ? |
| **જવાબ** | દહેજ ઔધોગિક વસાહતમાં પાયાની સુવિધાઓ જેવી કે રસ્તા, વરસાદી પાણીના નિકાલ માટેની ગટર, સ્ટ્રીટ લાઈટ, પાણી વિતરણ વ્યવસ્થા તેમજ કેમીકલ ઉદ્યોગો માટે સી.ઈ.ટી.પી. અને દૂષિત પાણીના નિકાલ માટેની ગટર વ્યવસ્થા જેવી આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલી છે.<br>દહેજ ઔધોગિક વસાહતમાં સ્કીલ અપગ્રેડેશન સેન્ટર, હોસ્પીટલ તેમજ પાર્કીંગ જેવી આનુસંગિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલી છે. |

**મુખ્ય પેજ પર જાઓ**

**અગ્રતા ક્રમઃ- ૧૬**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ-૧૫/૪/૫૪૮,**

**દહેજ જીઆઈડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા બાબત.**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ડી.કે.સ્વામી- જંબુસર** | |
| | |
| **પેટા પ્રશ્ન : ૪** | દહેજ ઔધોગિક વસાહતમાં ઔધોગિક વપરાશ માટે પાણીની શું વ્યવસ્થા કરવામાં આવેલ છે તથા તેના સ્ત્રોતની વિગતો જણાવવા વિનંતી. |
| **જવાબ** | દહેજ ઔધોગિક વસાહતમાં નર્મદા નદી આધારીત નર્મદા નદી કિનારે નાંદ અને અંગારેશ્વર ગામે ઈન્ટેક વેલ બનાવી તેમજ મીયાગામ બ્રાન્ચ કેનાલથી પાઈપલાઈન મારફત દહેજ સ્થિત તળાવમાં પાણીનો સંગ્રહ કરવામાં આવે છે. જ્યાંથી સદર પાણી ઔધોગિક એકમોને પુરૂ પાડવામાં આવે છે.<br>દહેજ ઔધોગિક વસાહતના ઉધોગોની પાણીની જરૂરીયાતો વધતાં નિગમ દ્વારા ભરૂચ જિલ્લાના કોલીયાદ ગામે ૧૦૦ એમ.એલ.ડી. ક્ષમતાનો ડી-સેલીનેશન પ્લાન્ટની સ્થાપના કરવામાં આવેલ છે. જેના દ્વારા વધારાની જરૂરીયાત પુરી પાડવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

| | |
|---|---|
| **અગ્રતા ક્રમ:- ૧૬**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-૧૫/૪/૫૪૮,**<br>**દહેજ જીઆઈડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા બાબત.** | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી રીતેશ વસાવા – ઝઘડીયા** | |
| | |
| **પેટા પ્રશ્ન : ૫** | નિગમની કેટલી ઔધોગિક વસાહતોમાં ફાયર સ્ટેશનની સુવિધાઓ ઉપલબ્ધ છે? |
| **જવાબ** | નિગમની ૯ વસાહતોમાં કેમીકલ ઝોન આવેલ છે જે તમામ વસાહતોમાં ફાયર સ્ટેશનની વ્યવસ્થા કરાયેલ છે. આ ઉપરાંત ૧૨ ઔધોગિક વસાહતો માં સ્થાનિક નગરપાલીકાના સહયોગથી ફાયર સ્ટેશનની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ:- ૧૬**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-૧૫/૪/૫૪૮,**

**દહેજ જીઆઈડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા બાબત.**

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી :** | **શ્રી રીતેશ વસાવા – ઝઘડીયા** |
| | |
| **પેટા પ્રશ્ન : ૬** | દહેજ ઔધોગિક વસાહત ખાતે હાલમાં કેટલા અગ્નિશામક વાહન ઉપલબ્ધ છે? અને કેટલો સ્ટાફ ફરજ બજાવે છે? |
| **જવાબ** | દહેજ ઔધોગિક વસાહત ખાતે કુલ ૩ અગ્નિશામક વાહન ઉપલબ્ધ છે. અને ફાયર ઓફીસર સહિત કુલ ૧૯ જેટલો સ્ટાફ ફરજ બજાવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

| અગ્રતા ક્રમ:– ૧૬<br>તારાંકિત પ્રશ્ન ક્રમાંક:–૧૫/૪/૫૪૮,<br>દહેજ જીઆઈડીસીમાં ફાયર સ્ટેશન બનાવવા બાબત. | |
|---|---|
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી :** | |
| | |
| **પેટા પ્રશ્ન : ૭** | દહેજ ઔધોગિક વસાહત ખાતે સારવાર મળે તે માટે કોઈ સુવિધા ઉપલબ્ધ છે? |
| **જવાબ** | દહેજ ઔધોગિક વસાહત ખાતે સારવાર મળે તે હેતુસર ૫૦ બેડની હોસ્પીટલની સુવિધા ઉપલબ્ધ છે. |
| **પેટા પ્રશ્ન : ૮** | દહેજ ઔધોગિક વસાહતમાં કયા કયા પ્રકારના ઉદ્યોગો આવેલા છે? |
| **જવાબ** | દહેજ ઔધોગિક વસાહતમાં પેટ્રોકેમીકલ્સ, કેમીકલ્સ, પ્લાસ્ટીક અને એન્જીનીયરીંગ જેવા જુદા જુદા પ્રકારના ઉધોગો આવેલા છે. |
| **પેટા પ્રશ્ન : ૯** | દહેજ ઔધોગિક વસાહતમાં ઘન કચરાના નિકાલ માટે શું સુવિધા ઉપલબ્ધ છે? |
| **જવાબ** | દહેજ ઔધોગિક વસાહતમાં ઘન કચરાના નિકાલ માટે બેઈલ ઈન્ફ્રાસ્ટ્રકચર લી. ને જમીન ફાળવવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ